# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29-07-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: WEDNESDAY** **National News**

## આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

****************************************************

1) જાહેર પરીક્ષાઓ ગેરરીતિ નિવારણ સુધારા વિધેયક, 2026 આજે લોકસભામાં પસાર.

2) રાજ્યસભાએ રાષ્ટ્રીય સન્માનના અપમાન નિવારણ સુધારા વિધેયક, 2026 પસાર કર્યું.

3) બગડતી હવા ગુણવત્તાના પડકારનો સામનો કરવા, કેન્દ્ર સરકારે વાહન નવીનીકરણ પહેલ 'પરિવર્તન'ને મંજૂરી આપી.

4) PoJKમાં, પ્રદર્શનકારીઓ પર પાકિસ્તાની સુરક્ષા દળોની કાર્યવાહી બાદ મૃત્યુઆંક વધીને 40 થયો.

5) કોમનવેલ્થ ગેમ્સ 2026માં સાક્ષી ચૌધરી અને અરુંધતી ચૌધરીએ ભારત માટે બે ચંદ્રક નિશ્ચિત કર્યા.

****************************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV NEW LS - EXAM BILL PASSED-1

જાહેર પરીક્ષાઓ ગેરરીતિ નિવારણ સુધારા વિધેયક, 2026 આજે લોકસભામાં પસાર થયું. આ વિધેયક જાહેર પરીક્ષાઓ (અન્યાયી માધ્યમો નિવારણ) અધિનિયમ, 2024 માં સુધારો કરે છે.

આ વિધેયકમાં દસ વર્ષ સુધીની કેદ, દસ કરોડ રૂપિયા સુધીનો દંડ અને દોષિત ગુનેગારોની મિલકતો જપ્ત કરવા જેવી કડક સજાની જોગવાઈ સામેલ છે. કેસોના ઝડપી નિકાલની ખાતરી કરવા માટે, કાયદામાં દરેક રાજ્ય સરકાર અને કેન્દ્રશાસિત પ્રદેશ વહીવટીતંત્રને દૈનિક ટ્રાયલ માટે ખાસ ફાસ્ટ ટ્રેક કોર્ટની સ્થાપના કરવાનો આદેશ અપાયો છે. તે વધુમાં જોગવાઈ કરે છે કે ગુનાઓની તપાસ પોલીસ સ્ટેશનમાં માહિતી નોંધાયાની તારીખથી બે મહિનાની અંદર પૂર્ણ થવી જોઈએ. ચાર્જશીટ દાખલ થયાના ત્રણ મહિનાની અંદર ટ્રાયલ પૂર્ણ થવી જોઈએ.

વિધેયક પરની ચર્ચાનો જવાબ આપતા, કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન રાજ્યમંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે, નવું વિધેયક વિદ્યાર્થીઓ અને યુવાનોના કલ્યાણની સુરક્ષા માટે સરકારની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરે છે.

(બાઇટ : JITENDRA-SINGH-ON-FAST-TRACK-COURT)

વિપક્ષના આચરણ પર પ્રહાર કરતા ડૉ. સિંહે કહ્યું કે જ્યારે કોઈ મહત્વપૂર્ણ બિલ પર ચર્ચા થઈ રહી છે, ત્યારે વિપક્ષ સૂચનો આપવાને બદલે રાજકારણ રમી રહ્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પર શ્રી ગાંધીના આરોપનો જવાબ આપતા ડૉ. સિંહે કહ્યું કે સરકારે વારંવાર સ્પષ્ટતા કરી છે કે કોઈ ગોળીબાર થયો નથી અને ફક્ત આંસુ ગેસનો ઉપયોગ કરાયો છે.

(બાઇટ : JITENDRA-SINGH-TEAR-GAS)

------2------

# REV NEW LS - EXAM BILL PASSED-2

ચર્ચામાં ભાગ લેતા, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે દેશમાં શિક્ષણ વ્યવસ્થા હવે ખૂબ મોંઘી થઈ ગઈ છે. વિધેયક પસાર થયા બાદ અધ્યક્ષ ઓમ બિરલાએ ગૃહની કાર્યવાહી આવતીકાલે સવારે 11 વાગ્યા સુધી સ્થગિત કરી.

# LS - ONE NATION ONE ELECTION

લોકસભાએ એક રાષ્ટ્ર, એક ચૂંટણી અંગેની સંયુક્ત સંસદીય સમિતિનો કાર્યકાળ સંસદના શિયાળુ સત્ર-2026ના છેલ્લા અઠવાડિયાના પહેલા દિવસ સુધી લંબાવ્યો છે. સમિતિના અધ્યક્ષ અને ભાજપના સાંસદ, પી.પી. ચૌધરીએ બંધારણ 129મુ સુધારા વિધેયક, 2024 અને કેન્દ્રશાસિત પ્રદેશો કાયદા સુધારા વિધેયક, 2024 પર સંયુક્ત સમિતિનો કાર્યકાળ વધારવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. આ વિધેયક લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં એક સાથે ચૂંટણીઓ યોજવાનો પ્રયાસ કરે છે. ગૃહમાં આ પ્રસ્તાવને ધ્વનિ મત દ્વારા પસાર કરાયો.

# LS - BIRTH AND DEATH BILL

કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે આજે લોકસભામાં જન્મ અને મૃત્યુની નોંધણી સુધારા વિધેયક, 2026 રજૂ કર્યું. આ વિધેયકનો હેતુ જન્મ અને મૃત્યુની નોંધણી અધિનિયમ, 1969માં સુધારો કરવાનો છે. આ વિધેયક જોગવાઈ કરે છે કે જો કોઈ જન્મ અથવા મૃત્યુની જાણ રજિસ્ટ્રારને એક વર્ષથી વધુ અને બે વર્ષથી ઓછા સમયમાં કરવામાં આવે તે ફક્ત જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અથવા એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ દ્વારા જિલ્લા મેજિસ્ટ્રેટની મંજૂરીથી નોંધણી કરી શકાય છે. વિધેયકમાં વધુમાં જણાવાયું છે કે જો કોઈ જન્મ કે મૃત્યુની જાણ રજિસ્ટ્રારને બે વર્ષથી વધુ સમયમાં કરવામાં આવે છે, તો તે ફક્ત જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસના આદેશથી જ નોંધાશે.

# LS-VAISHNAW KAVACH

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, ભારતીય રેલવેમાં સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવે છે અને વર્ષોથી લેવાયેલા વિવિધ સલામતી પગલાંના પરિણામે, અકસ્માતોની સંખ્યામાં મોટો ઘટાડો થયો છે. આજે લોકસભામાં એક લેખિત જવાબમાં, શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે, વ્યાપક અને વિસ્તૃત પરીક્ષણો પછી, કવચ વર્ઝન 4.0 આ મહિનાની 20મી તારીખ સુધીમાં દિલ્હી-મુંબઈ અને દિલ્હી-હાવડા રૂટને આવરી લેતા બે હજાર 569 રૂટ કિલોમીટર પર સફળતાપૂર્વક કાર્યરત કરાયું છે.

# FUR. REV RS - NATIONAL HONOUR

રાજ્યસભાએ આજે રાષ્ટ્રીય સન્માનના અપમાન નિવારણ (સુધારા) વિધેયક, 2026 પસાર કર્યું. આ વિધેયક રાષ્ટ્રીય સન્માનના અપમાન નિવારણ અધિનિયમ, 1971 માં સુધારો કરશે. પ્રસ્તાવિત કાયદામાં વંદે માતરમને રાષ્ટ્રગાન, જન ગણ મન જેટલું જ વૈધાનિક રક્ષણ આપવાનો પ્રયાસ કરાયો છે. આ ગુનાઓ માટે ત્રણ વર્ષ સુધીની કેદ, દંડ અથવા બંને સજા થઈ શકે છે. વિધેયક પરની ચર્ચાનો જવાબ આપતા ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે જણાવ્યું કે, આ સુધારો ફક્ત કાયદાકીય ફેરફાર નથી. તેમણે કહ્યું કે, તે ભારતના આત્મા, રાષ્ટ્રીય ચેતના, સાંસ્કૃતિક વારસો અને સ્વતંત્રતા સંગ્રામના આદર્શો પ્રત્યે સામૂહિક પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

વિધેયક પસાર થયા બાદ, ઉપલા ગૃહમાં ખાસ ઉલ્લેખ શરૂ થયો, જ્યાં સભ્યોએ તાત્કાલિક મહત્વના મુદ્દાઓ ઉઠાવ્યા. ત્યારબાદ રાજ્યસભાની કાર્યવાહી આવતીકાલે સવારે 11 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી.

# PREZ-ARTISTS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે રાષ્ટ્રપતિ ભવનમાં ભારતીય પરંપરાગત કલા સ્વરૂપોના કલાકારોના એક જૂથને મળ્યા અને તેમનું કાર્ય નિહાળ્યું. આર્ટિસ્ટ-ઇન-રેસિડેન્સ કાર્યક્રમ હેઠળ બનારસ ભીંતચિત્ર, થંગકા, નાયક, કેરળ ભીંતચિત્ર, બસોહલી, સુરપુર અને મૈસુર જેવા કલા સ્વરૂપોનું પ્રતિનિધિત્વ કરતા 12 કલાકારો રાષ્ટ્રપતિ ભવનમાં રોકાયા છે. આર્ટિસ્ટ-ઇન-રેસિડેન્સ કાર્યક્રમ એ ભારતની કલાત્મક પરંપરાઓની ભાવના દર્શાવે છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# MORTH- PARIVARTAN

બગડતી હવા ગુણવત્તાના પડકારનો સામનો કરવા, કેન્દ્ર સરકારે વાયુ પ્રદૂષણ અને નેટવર્ક ઉત્સર્જન ઘટાડવા માટે વાહન સંપત્તિઓના ઝડપી નવીકરણ અને પ્રોત્સાહન માટેનો કાર્યક્રમ 'પરિવર્તન' પહેલને મંજૂરી આપી છે. આ યોજનાનો ઉદ્દેશ દિલ્હી-રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં જૂના અને ઉચ્ચ ઉત્સર્જનવાળા ટ્રકો અને બસોને સ્વચ્છ ભારત સ્ટેજ BS-VI અનુરૂપ અને ઇલેક્ટ્રિક વાહનોથી બદલવાનો છે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે જણાવ્યું હતું કે પરિવર્તન યોજનાનો કુલ નાણાકીય ખર્ચ નવ હજાર 500 કરોડ રૂપિયાથી વધુ છે, જેમાં કેન્દ્ર સરકારના પાંચ હજાર 41 કરોડ રૂપિયાથી વધુના સમર્થનનો સમાવેશ થાય છે.

# REV POJK UPDATE

પાકિસ્તાનના કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીરમાં અશાંતિ વધી રહી છે, ત્યારે માનવ અધિકાર દસ્તાવેજીકરણ અને દેખરેખ સંસ્થાએ સંયુક્ત રાષ્ટ્રના માનવ અધિકાર ઉચ્ચ કમિશનરના કાર્યાલયને પાકિસ્તાની દળો દ્વારા પ્રદર્શનકારીઓ પર ગોળીબારના અહેવાલો બાદ હસ્તક્ષેપ કરવા હાકલ કરી છે કાર્યવાહીમાં અત્યાર સુધી 40 થી વધુ નાગરિકો માર્યા ગયા અને 10થી વધુ લોકો ઘાયલ થયા.

પીઓકે સ્થિત જૂથ જમ્મુ કાશ્મીર હ્યુમન રાઇટ્સ ઓબ્ઝર્વેટરીએ સંયુક્ત રાષ્ટ્રના માનવ અધિકારો માટેના ઉચ્ચ કમિશનર વોલ્કર ટર્કને કરેલી તાકીદની અપીલમાં જણાવ્યું હતું કે 27 જુલાઈના રોજ રાવલકોટથી મુઝફ્ફરાબાદ તરફ સંયુક્ત આવામી એક્શન કમિટી દ્વારા આયોજિત શાંતિપૂર્ણ યાત્રા ફરી શરૂ થયા પછી આ હત્યાઓ થઈ હતી.

# COMMONWEALTH BOXING

કોમનવેલ્થ ગેમ્સ 2026માં સાક્ષી ચૌધરી અને અરુંધતી ચૌધરીએ ભારત માટે બે ચંદ્રક નિશ્ચિત કર્યાં. સાક્ષીએ મહિલા 51 કિલોગ્રામ વર્ગની ક્વાર્ટર-ફાઇનલમાં આયર્લૅન્ડની કેટલીન ફ્રાયર્સને 5-0થી હરાવી શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. આ જીત સાથે તે સેમિફાઇનલમાં પહોંચી છે.

જ્યારે 70 કિલોગ્રામ ક્વાર્ટર ફાઇનલમાં ભારતની અરુંધતી ચૌધરીએ ન્યુઝીલેન્ડની મોર્ગન હેન્ડરસનને 3-1 ના વિભાજીત નિર્ણયથી હરાવીને સેમિફાઇનલમાં પહોંચી. આ સાથે આજે ભારતનો બીજો ચંદ્રક નિશ્ચિત થયો.

# MEA FACT CHECK

વિદેશ મંત્રાલયે પુનરોચ્ચાર કર્યો કે જમ્મુ-કશ્મીર અને લદ્દાખના સમગ્ર કેન્દ્રશાસિત પ્રદેશો, પાકિસ્તાનના ગેરકાયદેસર કબજા હેઠળનું કશ્મીર ભારતના અભિન્ન અને અવિભાજ્ય ભાગો છે. મંત્રાલયના ફેક્ટ ચેક યુનિટે જણાવ્યું હતું કે પાકિસ્તાનના કબજા હેઠળના પ્રદેશમાં ચાલી રહેલી ચૂંટણી કવાયત ફક્ત પાકિસ્તાન દ્વારા તેના ગેરકાયદેસર કબજાને છુપાવવા અને પ્રદેશમાં થઈ રહેલા ગંભીર માનવાધિકાર ઉલ્લંઘનો પરથી ધ્યાન હટાવવાનો પ્રયાસ છે. તેમાં ઉમેર્યું હતું કે, જેમ અગાઉ જણાવ્યું હતું તેમ, પાકિસ્તાનના કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીરમાં ચાલી રહેલા સામૂહિક વિરોધ પ્રદર્શનો ઇસ્લામાબાદના આર્થિક શોષણ, મૂળભૂત અધિકારોનો ઇનકાર અને વહીવટી દમનનું સીધું પરિણામ છે.